પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૯ | ૧૮ જુન, ૨૦૧૮, સોમવાર; નિજ. જેઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આર્થિક વૃદ્ધિદરને ૧૦ ટકા સુધી પહોંચાડાશે : મોદી

નવીદિલ્હી, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, સરકાર સમક્ષ હવે સૌથી મોટો પડકાર આર્થિક વૃદ્ધિદરને ૧૦ ટકાની આસપાસ પહોંચાડી દેવાનો રહેલો છે. તેમણે કહ્યું હતું કે, આના માટે ઘણા બધા મહત્વપૂર્ણ પગલા લેવાની જરૂર પડશે. નીતિ આયોગ ગર્વનિંગ કાઉન્સિલની ચોથી બેઠક આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં યોજાઈ હતી જેમાં મોદીએ પોતાના ઉદ્‌ઘાટન નિવેદનમાં અનેક મહત્વપૂર્ણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, જુદા જુદા રાજ્યોને સાથે રાખીને આક્રમક નીતિ સાથે લોકોના સપનાને પૂર્ણ કરવાની જરૂર દેખાઈ રહી છે. રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં નીતિ આયોગની સંચાલન પરિષદની ચોથી બેઠકના ઉદ્‌ઘાટન સત્રને સંબોધતા મોદીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, છેલ્લા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થતંત્રએ મજબૂત ૭.૭ ટકાનો વૃદ્ધિદર હાંસલ કર્યો છે. હવે પડકાર આ વૃદ્ધિદરને બે આંકડા સુધી લઈ જવાનો રહેલો છે. તેમણે ઉમેર્યુ હતું કે, ૨૦૨૨ સુધી ન્યુ ઈન્ડિયાનું સપનું હવે દેશના લોકો માટેનો એક સંકલ્પ છે. મોદીએ આ સંદર્ભમાં બેઠકના એજન્ડામાં સામેલ કરવામાં આવેલા મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો




જેમાં ખેડૂતોની આવકને બે ગણી કરવા, અપેક્ષા કરતા પાછળ રહી ગયેલા જિલ્લાઓના વિકાસ કરવાની બાબત, આયુષ્યમાન ભારત, મિશન ઈન્દ્રધનુષ, પોષણ મિશન અને મહાત્મા ગાંધીની ૧૫૦મી જ્યંતિનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, જીએસટીને લાગૂ કરવાની બાબત ટીમ ઈન્ડિયાની ભાવનાનો એક દાખલો છે. મોદીએ કહ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીઓના પેટાગ્રુપ અને સમિતિઓમાં પોતાના કાર્યો મારફતે સ્વચ્છ ભારત મિશન, ડિજિટલ લેવડદેવડ અને કૌશલ્ય વિકાસ જેવા મુદ્દા ઉપર નીતિ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. મોદીએ પોતાના સંબોધનમાં પુરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓને તમામ પ્રકારની કેન્દ્રીય સહાયતા ઉપલબ્ધ કરાવવાની પણ ખાતરી આપી હતી. મોદીએ કહ્યું હતું કે, ગવર્નિંગ કાઉન્સિલ એક એવા પ્લેટફોર્મ તરીકે છે જે દેશના વિકાસમાં ઐતિહાસિક પરિવર્તન લાવી શકે છે. મોદીએ ઉમેર્યું હતું કે, દેશના કેટલાક રાજ્યોમાં હાલ પુરની સ્થિતિ છે પરંતુ પુરતી મદદ કરવામાં આવી રહી છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીઓએ પોલિસી ફોર્મ્યુલેશનમાં ચાવીરુપ ભૂમિકા અદા કરી છે. આ પેટાગ્રુપની ભલામણો જુદા જુદા મંત્રાલયો અને કેન્દ્ર સરકાર માટે મહત્વપૂર્ણ રહી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, ૧.૫ લાખ હેલ્થ અને વેલનેસ સેન્ટરો આયુષ્યમાન ભારત પ્રોગ્રામ હેઠળ બનાવવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૧૦ કરોડ પરિવારોને દર વર્ષે પાંચ લાખ રૂપિયાના હેલ્થ ઈન્સ્યોરન્સની જવાબદારી સોંપવામાં આવી છે. સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ શિક્ષણ માટે એક સર્વગ્રાહી અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે.

મુદ્રા યોજના, જનધન યોજના, સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી સ્કીમોના પરિણામ સ્વરુપે લોકોની ફાઈનાન્સિયલ ભાગીદારી વધી છે. પ્રાથમિકતાના આધાર ઉપર આર્થિક અસમતુલા દૂર કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

# હવે, યુદ્ધવિરામ નહીં લંબાવવા નિર્ણય

**રમઝાનના પવિત્ર મહિના દરમિયાન આતંકવાદી હુમલા અને સરહદ ઉપર ગોળીબારની ઘટના વધ્યા બાદ દેશભરના લોકોના આક્રોશ વચ્ચે કઠોર નિર્ણય**

નવીદિલ્હી,તા. ૧૭

જમ્મુ કાશ્મીરમાં હાલના દિવસોમાં વધી ગયેલી આતંકવાદી હિંસા અને પથ્થરબાજીની ઘટના બાદ લોકોના આક્રોશ વચ્ચે યુદ્ધવિરામની અવધિને નહીં લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સેનાને ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા છુટો દોર આપી દીધો છે. આના લીધે હવે સેના ત્રાસવાદીઓ સામે પહેલાની જેમ આક્રમક કાર્યવાહી કરશે. ભારત સરકારે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન કાશ્મીરમાં યુદ્ધવિરામની જાહેરાત કરી હતી પરંતુ આ ગાળા દરમિયાન કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની સંખ્યામાં જંગી વધારો થયો હતો. ત્રાસવાદીઓએ સેનાને ટાર્ગેટ બનાવીને અનેક હુમલા કર્યા હતા.

હાલના દિવસોમાં જ રાઈઝિંગ કાશ્મીરના એડિટર સુજાત બુખારીની હત્યા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ જ કેન્દ્ર સરકારના આ નિર્ણયની વ્યાપક ટિકા થઈ રહી હતી. ઈદ બાદ દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં યુદ્ધવિરામને નહીં લંબાવવાનો આખરે નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે આ અંગેનો નિર્ણય કર્યો હતો. રાજનાથે કહ્યું હતું કે, રમઝાન દરમિયાન યુદ્ધવિરામના નિર્ણયની ચારેબાજુ પ્રશંસા થઈ હતી. મુસ્લિમ ભાઈઓ અને બહેનોએ શાંતિપૂર્ણરીતે રમઝાન મનાવવા માટે સુરક્ષા દળોને સરકારના નિર્ણય અમલી કરવામાં સફળતા મેળવી હતી. રાજનાથસિંહનું કહેવું છે કે, જમ્મુ કાશ્મીરની સાથે સાથે સમગ્ર દેશના લોકોએ આ નિર્ણયની પ્રશંસા કરી હતી. સામાન્ય લોકો માટે આ નિર્ણયથી રાહત થઈ હતી. એવી આશા હતી કે, દરેક વ્યક્તિ આ પહેલની સફળતાની ખાતરી કરશે. સુરક્ષા દળોએ આ અવધિના ગાળા દરમિયાન સંયમપૂર્વકની કાર્યવાહી કરી હતી જ્યારે ત્રાસવાદીઓએ હુમલા જારી રાખ્યા હતા. આના લીધે મોત અને ઘાયલોની સંખ્યા વધી ગઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું છે કે, હવે યુદ્ધવિરામના ગાળાને લંબાવવામાં આવી રહ્યો નથી જેથી સેના ત્રાસવાદીઓ સામે પોતાની રીતે કાર્યવાહી કરવા માટે સ્વતંત્ર છે. હુમલા, હિંસા અને હત્યાઓને રોકવા માટે સેના પોતાનીરીતે કાર્યવાહી કરી શકે છે.

## ...ને જમ્મુ-કાશ્મીરમાં લાગ્યા 'ભારત માતા કી જય'ના નારા

જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાન અને અલગતાવાદીઓના પરિણામ સ્વરુપે દિન પ્રતિદિન સ્થિતિ વણસી રહી છે પરંતુ આના કારણે હવે સ્થાનિક લોકો પણ પરેશાન દેખાઈ રહ્યા છે. સ્વતંત્રતાની માંગ કરનાર લોકોની વિરુદ્ધમાં જમ્મુ કાશ્મીરના લોકો હવે આવી ગયા છે. ભારત માતા કી જયના નારા હવે કાશ્મીરમાં લાગી રહ્યા છે. સ્થાનિક લોકો પણ હિંસાને લઈને પરેશાન છે. જેને લઈને નારાજગી તાજેતરમાં જ એક વિડિયોમાં જોવા મળી છે. વિડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે, કાશ્મીરી સ્વતંત્રતાની માંગ કરનાર કેટલાક સ્થાનિક લોકોને સ્પષ્ટ જવાબ સ્થાનિક લોકો આપી રહ્યા છે અને ભારત માતા કી જયના નારા વિડિયોમાં દેખાઈ રહ્યા છે.

## ખાસ રાજ્યનો દરજ્જો આપવા નીતિશ અને ચંદ્રબાબુની માંગ

નવી દિલ્હી,તા. ૧૭

નીતિ આયોગની આજે મહત્વપૂર્ણ બેઠક અનેક પ્રકારના વિવાદો વચ્ચે યોજાઈ હતી. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ દ્વારા વડાપ્રધાન મોદી સામે મોરચો ખોલી દીધા બાદ આજે આ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મોદી ઉપરાંત દેશભરના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. એકબાજુ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ તેમના રાજ્ય માટે ખાસ દરજ્જાની માંગણી કરી હતી. બીજી બાજુ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પણ ખાસ રાજ્યના દરજ્જાની માંગ કરી હતી. આ બેઠક દરમિયાન નોટબંધી અને જીએસટીને લઈને પણ ચર્ચા થઈ હતી. મોદીએ વન નેશન વન ટેક્સને લઈને સપનાને સાકાર કરવા બદલ રાજ્યોની ભૂમિકાઓની પ્રશંસા કરી હતી. આંધ્રપ્રદેશના વિકાસ સાથે જોડાયેલા મુદ્દા ઉપર પણ નાયડુએ રજૂઆત કરી હતી. કેન્દ્રની મોદી સરકારને ઘેરવા માટે ચંદ્રબાબુ નાયડુ પુરતી તૈયારી સાથે આવ્યા હતા. નાયડુએ બેઠકમાં સ્પષ્ટતા કરી હતી. નીતિશકુમારે પણ આજ મુદ્દો ઉઠાવ્યો હતો. ખાસ રાજ્યના દરજ્જા માટેની માંગણીને લઈને ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડી લીધો હતો. બિનભાજપ મોરચા બનાવવાના પ્રયાસમાં આંધ્રના મુખ્યમંત્રી હાલમાં સક્રિય દેખાઈ રહ્યા છે. નીતિશકુમાર પણ બિહારમાં રાજકીય દબાણ વચ્ચે ખાસ રાજ્યના દરજ્જાની માંગ કરી રહ્યા છે.

## ભાજપ-સંઘ વચ્ચે બેઠક : ૩૦૦થી વધુ બેઠકોનો લક્ષ્યાંક

ન્યુ દિલ્હી,તા.૧૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે (ઈજીજી) ફરી એક વખત ભાજપ સરકારનો એજન્ડા નક્કી કર્યો છે. આ હેઠળ, સંઘના વરિષ્ઠ વકીલો આગામી મહિને આ ક્ષેત્રમાં જોડાશે. ભાજપના નેતા આયોજન સચિવો તેની પેટાકંપની સંસ્થાઓ અને હરિયાણાના સૂરજકુંડ ખાતે વિવિધ સ્ટેટ્સ મિશન સાથે ચર્ચા કરીને યુનિયન નેતાઓ કાર્યસૂચિ – ૨૦૧૯ની રચના કરી છે. યુનિયન તેના પ્રતિસાદ અને ભાવિ વ્યૂહરચના વિશે શનિવારે ભાજપ પ્રમુખ અમિત શાહ જાણ કરી હતી.

## આંધ્રપ્રદેશમાં ટ્રક ખાઈમાં ખાબકતા સાતના મોત

આંધ્રપ્રદેશના ચિતુર જિલ્લામાં ૫૦ ફૂટ ઊંડી ખાઈમાં કેરી ભરેલી ટ્રક પડી જવાથી ૭ લોકોના મૌત અને ૨૦ લોકોના ઘાયલ થવાની ખબર આવી છે. આ ટ્રકમાં ૨૭ લોકો સવાર હતા. તામિલનાડુના કેરી વેપારી મજૂરો સાથે ટ્રકમાં કેરી ભરીને પાછા આવી રહ્યા હતા ત્યારે ટ્રક ઊંડી ખાઈમાં પડી ગયી. આ ઘટના કુપ્પામથી ૨૦ કિલોમીટર દૂર થયી છે. બાધા જ મૃતકો તામિલનાડુના ઉતરી આકોટ જિલ્લાના રહેવાસી હતા.

## નીતિશકુમાર ઈચ્છે તો મહાગઠબંધન : કોંગ્રેસ

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને બિહારમાં એનડીએમાં ચાલી રહેલા ખેંચતાણનો લાભ કોંગ્રેસ લેવા ધારે છે. આ માટે કોંગ્રેસે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર સમક્ષ એક શરત પણ મુકી છે.

કોંગ્રેસે કહ્યું છે કે, જો નીતીશ કુમાર ભાજપ સાથે છેડો ફાડવાનો નિર્ણય લેશે તો તેમને મહાગઠબંધનમાં પરત લેવા માટે સહયોગી દળો સાથે વિચાર કરવામાં આવશે. કોંગ્રેસે આ સોગઠી બરાબર એ સમયે મારી છે જ્યારે લોકસભાની બેઠકોની ફાળવણી વચ્ચે જેડીયુ અને ભાજપ સામસામા વિરોધાભાસી નિવેદનો કરી ચુક્યાં છે.

# વોડાફોન અને આઈડિયાના મર્જરને આજે મંજુરી મળશે

નવી દિલ્હી,તા. ૧૭

કોર્પોરેટ જગતમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે વોડાફોન ઈન્ડિયા અને આઈડિયા સેલ્યુલરની મર્જર યોજનાને દૂરસંચાર વિભાગની મંજુરી આવતીકાલે મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મર્જર બાદ કંપનીનું નામ વોડાફોન આઈડિયા લિમિટેડ થશે અને વર્તમાન ગ્રાહકોની સંખ્યાની દ્રષ્ટિએ આ દેશની સૌથી મોટી મોબાઈલ દૂરસંચાર સેવા બની જશે. સત્તાવાર સૂત્રોના કહેવા મુજબ વોડાફોન-આઈડિયાના મર્જરને દૂરસંચાર વિભાગની આવતીકાલે મંજુરી મળી શકે છે. બંને કંપનીઓના મર્જર બાદ આજની દ્રષ્ટિએ હિસાબ કરવામાં આવે તો નવી કંપનીની સંયુક્ત આવક ૨૩ અબજ ડોલર અથવા તો ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધારે થઈ જશે. તેના ગ્રાહકોનું નેટવર્ક ૪૩ કરોડ થઈ જશે. આવી જ રીતે તે દેશની સૌથી મોટી કંપની બની જશે. આ વધી ગયેલી તાકાતના પરિણામ સ્વરુપે બંને કંપનીઓને બજાર સ્પર્ધાથી સામનો કરવામાં મદદ મળશે. નવી કંપની રિલાયન્સ જીઓની એન્ટ્રી બાદ ટેલિકોમ બજાર આકર્ષક પેકેજ આપીને ગ્રાહકોને તોડવાની જોરદાર સ્પર્ધામાંથી પસાર થઈ રહ્યું છે. આના પરિણામ સ્વરુપે મોબાઈલ ઈન્ટરનેટ અને કોલ સેવાઓના દર ખુબ ઓછા થઈ ગયા છે. મર્જર થયા બાદ બંને કંપનીઓ ઉપર આ સમયે દેવાનું સંયુક્ત ૧.૧૫ લાખ કરોડ રૂપિયા રહેશે. મર્જર યોજનાને મંજુરી માટે આદિત્ય બિરલા ગ્રુપની કંપની આઈડિયા સેલ્યુલર પાસેથી બેંક ગેરંટી લેવામાં આવશે. આ ઉપરાંત કંપનીને એવો વિશ્વાસ પણ આપવો પડશે કે બ્રિટનના વોડાફોન ગ્રુપની કંપની વોડાફોન ઈન્ડિયા ઉપર કોઈ દેવું નિકળે છે તો તેની જવાબદારી આઈડિયાને પૂર્ણ કરવી પડશે. દૂરસંચાર વિભાગ આઈડિયા સેલ્યુલરના સ્પેક્ટ્રમના ચાર્જ માટે ૨૧૦૦ કરોડ રૂપિયાની બેંક ગેરન્ટી માંગી શકે છે.






## સ્મરણાંજલિ



મેજર વિનોદ જોષી

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥

२-२० भागवत गीता

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી.
ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે.
શરીર હણવાથી તે હણાતો નથી.

૨-૨૦ ભાગવત ગીતા

**આજે**

**આપની સાતમી પુણ્યતિથિએ...**

આપના પુણ્ય આત્માને શત્ શત્ પ્રમાણ

લિ.

**પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોષી**

**તથા સમગ્ર પરિવાર**